**(સને ૧૯૭૩ ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ ૩૫૫ મુજબનો ચુકાદો.)**

**મે. એડી.ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટ, કોર્ટ નં.૩, અમદાવાદ.**

ફોજદારી કેસ નંબર :– ૧૪૭ / ૨૦૧૫

આંક :–

૧. ગુનો બન્યાની તારીખ :– ૩/૨/૨૦૧૫

૨. ફરીયાદીનું નામ :– ઘી સ્ટેટ ઓફ ગુજરાત.

૩. આરોપીનું નામ અને સરનામું :– કુસુમબેન તે રમેશભાઈ ભવાનભાઈની વિધવા
રહે. શાહ પોપટલાલની ચાલી, નિર્મળપુરા,
સરસપુર, અમદાવાદ.

૪. ગુનાની વિગત :– ગુજરાત પ્રોહી.એકટ કલમ–૬૬(બી), ૬૫(ઈ)

પ્રશ્ન :– તમારી સામેનું તહોમતનામું તમોને વાંચી સમજાવ્યું, તે મુજબનો ગુનો તમે કબુલ કરો છો કે બચાવ કરવો છે ?

જવાબ :– મને ગુનો કબુલ છે.

મારા રૂબરૂ

તારીખ :– ૦૮/૦૯/૨૦૧૮

**(અવિનાશ કમલભાઈ ભટ્ટ)**
એડી. ચીફ મેટ્રો. મેજી.,કોર્ટ નં.૩,
અમદાવાદ.

(૧) આ કામમાં પોલીસ ધ્વારા આરોપી વિરૂધ્ધ પ્રોહી.એકટ કલમ–૬૬(બી), ૬૫(ઈ) મુજબના ગુનાનું ચાર્જશીટ કરવામાં આવેલ છે. આ કામે આરોપી અદાલતમાં હાજર થતાં તેમને પોલીસ તપાસના ચાર્જશીટની નકલો ક્રિ.પ્રો.કોડ કલમ ૨૦૭ અન્વયે વિનામૂલ્યે આપવામાં આવેલ છે. આરોપી તર્ફે સ્પે. સીટીંગ અન્વયે હાજર રહેલા છે અને તેઓએ સ્પે.સીટીંગ અન્વયે સ્વૈચ્છિક રીતે ગુનો કબુલ કરવા માંગતા હોઈ તેઓ ધ્વારા ગુના કબુલાત પુરસીસ આંક–ર થી રજુ કરેલ છે અને ત્યારબાદ આરોપીની ચાર્જશીટમાં જણાવેલ ગુના માટે પ્લી/નિવેદન લેતાં આરોપીએ સૌપ્રથમ વખત ગુનો કબુલ નથી તેમ જણાવેલ. ત્યારબાદ આજરોજ હાજર થઈ પોતે ગુનો કબુલ કરવા માંગતા હોય અગાઉ પ્લી લેવાઈ ગયેલ હોય તેમછતાં આરોપી જો ગુનો કબુલ કરવા માંગતા હોય તો તેઓની કબુલાત લઈ શકાય તેમ હોય તેઓની નવેસરથી પ્લી લઈ રેકર્ડ કરવામાં આવતાં જેમાં આરોપીએ ગુનો કબુલ હોવાનું અને તે ગુનો કોઈપણ જાતની ધાકધમકી કે દબાણ વગર કબુલ કરેલ હોવાનું જણાવેલ છે.

(૨) સજા બાબતે આરોપીને સાંભળતા આરોપીએ આ પ્રથમ ગુનો છે અને તેઓ ગુના બદલ પસ્તાવો કરે છે અને કુટુંબકબીલા વાળા છે અને તેમના કુટુંબના ભરણપોષણનો આધાર તેમના ઉપર છે તેમ જણાવે છે, તથા ભવિષ્યમાં આ પ્રકારનો ગુનો ફરીથી નહી કરવા ખાત્રી આપે છે અને દયા કરવા જણાવે છે. એ.પી.પી.શ્રીએ આરોપીને કાયદા મુજબ થઈ શકતી યોગ્ય સજા કરવા જણાવેલ છે.

(૩) આ કેસની તમામ હકીકત, સંજોગો તથા આરોપી વિરૂધ્ધના ગુના અંગે થઈ શકતી સજાની જોગવાઈને ધ્યાનમાં લેતાં ન્યાયના હિતમાં નીચે મુજબ હુકમ કરૂં છું.

"<u>હુ ક મ</u>"

ક્રિ.પ્રો.કોડની કલમ–૨૫૨ મુજબ આરોપીને પ્રોહી.એકટ કલમ–૬૬(બી), ૬૫(ઈ) મુજબના ગુનામાં કસુરવાન ઠરાવી આરોપીને રૂા.૧૦૦/– અંકેરૂપિયા એકસો પુરા દંડ ભરવાનો તથા કોર્ટ ઉઠતાં સુધીની સજા કરવાનો હુકમ કરવામાં આવે છે. જો આરોપી દંડ ન ભરે તો દિન–૫ ની સાદી કેદની સજાનો હુકમ કરવામાં આવે છે.

મુદ્દામાલનો અપીલ સમય વિત્યા બાદ નાશ કરવો.

---

હુકમ આજરોજ  ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તારીખ ૦૮/૦૯/૨૦૧૮.
અમદાવાદ

**(અવિનાશ કમલભાઈ ભટ્ટ)**
એડી.ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ,
કોર્ટ નં.૩, અમદાવાદ.
Code No.**GJ00862**